જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૯ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૪૩/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ પાલડી વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષના નિવૃત સિનીયર સીટીઝન પેન્શનર એ તા.૧૬/૦૨/૨૦૨૬ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોંધાવી છે કે નિવૃત સિનીયર સીટીઝન પેન્શનર પોતાના મોબાઈલ ફોનમાં ફેસબુક એપ વાપરતા હોય તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ ફેસબુકમાં યુ.આર.એલ લીંક થી life certificate submit online નામનુ બેંક ઓફ ઇન્ડીયાના સીમ્બોલ અને નામવાળા ફેસબુક પેજમાં "બેંક ઓફ ઇન્ડીયાના પેન્શનર માટે બ્રેકીંગ ન્યુઝ" "હવે લાઇફ સર્ટીફીકેટ માટે બ્રાંચે જવાની જરૂર નથી મોબાઇલથી પણ હવે તે કરી શકાશે" તેવા અંગ્રેજીમાં લખાણવાળો ફોટો તેમજ તેમનો સંપર્ક કરવા લીંક મુકેલ હતી. જે લીંક ખોલતા નિવૃત સિનીયર સીટીઝન પેન્શનરના મોબાઈલ ઉપર અજાણ્યા મોબાઈલ નંબર ૯૨૯૬૭૫૩૫૯૧ તેમજ ૮૭૦૯૨૪૪૧૫૮ ના ધારકે નોર્મલ કોલ અને વોટસઅપ વિડીયો કોલ કરી, પોતે બેંક ઓફ ઇન્ડીયાના કર્મચારી વાત કરતા હોવાની ખોટી ઓળખ આપી, "હયાતીનુ life certificate ઓનલાઇન પ્રોસેસ કરતા બેંક્માં અપડેટ થઇ જશે" તેવી હકીકત જણાવી સિનીયર સીટીઝન પેન્શનર પાસેથી તેમના બેંક ઓફ ઇન્ડીયાના ક્લાયન્ટ આઇ.ડી/કસ્ટમર આઇ.ડી, ડેબીટ કાર્ડ ઉપર લખેલ નંબર, તેમજ ડેબીટ કાર્ડના પીનની માહિતી મેળવી લઇ, તેમના બેંક ઓફ ઇન્ડીયાના ખાતામાંથી નેટ બેંકીંગ દ્વારા જુદા–જુદા ટ્રાન્જેકશન દ્વારા જુદા–જુદા ખાતાઓમાં કુલ રૂપિયા ૧૭,૦૩,૬૦૦/– ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.ભેટારીયા ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૨૪૪/૨૦૨૬**

માધવપુરાઃ જશુબહેન વાલજીભાઇ મકવાણા (ઉ.વ.૬૫) (રહે.ડામરવાળી ચાલી શાહપુર) તા.૧૧/૦૨/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે ભડકો થતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.સી.ચૌહાણ ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ લતાબહેન મહેશભાઇ ચૌધરી (ઉ.વ.૩૫)(રહે.પતરાવાળી ચાલી ગામઘણી દરગાહ પાસે રાયખડ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૨/૨૦૨૬ સાંજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

વાસણાઃ વાસણા ભવાનીનગર ખાતે રહેતા રવિભાઇ દંતાણીની ૧૫ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દુરાણી ચલાવે છે.

એલીસબ્રીજઃ ભરતભાઇ જીવણભાઇ વાઘેલા (ઉ.વ.૪૪)(રહે.મહેનતપુરા આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૬ બપોરના ૨/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતસિંહ મોહનસિંહ ચલાવે છે.

સરખેજઃ જતીનભાઇ મુળજીભાઇ આયર (ઉ.વ.૨૬)(રહે. સબ પ્લોટ નંબર–૧૮૯ પ્લોટ નંબર–૦૯ આઝાદનગર ઘોળકા રોડ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

ઇસનપુરઃ દિપકભાઈ પરસોત્તમભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૮)(રહે.આનંદ આઈ લાઈફ, લુબી પંપ પાછળ, ઝુંડાલ ચાર રસ્તા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઈસનપુર મનોરમા પાર્ક ખાતે આવેલ પોતાના મકાન નંબર–૨૭ ના રસોડામાં છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી